સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

અમારા સિવાય કોઈ જ ભીડ લગાવી ન શકે!
અમારા સિવાય કોઈ જ રોફ જમાવી ન શકે!
ફગાવી શકે, હિંમતથી કાયદા-સત્તાનો પક્ષ -
અમારા સિવાય કોઈ પતંગ ચગાવી ન શકે!
(સમરથ કો કોઈ દોષ નહીં હૈ ગોસાંઈ)

હાઈકુ

માત્ર અમીરો -
માણી શકાશે, હવે
પતંગોત્સવ!
(ઝૂંપડી પર ધાબું બાંધો!)

કરે કાયદા,
અધૂરા-આડેધડ,
વિચાર્યા વિના...
(ગાંડી ગાઈડલાઈન)

ચિંતન

દ્રવ્યં દ્રવ્યસ્ય હેતુ: સ્યાદ્ન્યદન્યસ્ય ચૈવ હિ ।
દ્રવ્યત્વમન્યભાવો વા ધર્માણાં નોપપદ્યતે ॥

ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

દ્રવ્યનું કારણ દ્રવ્ય જ હોઈ શકે અને એક દ્રવ્યનું કારણ અન્ય દ્રવ્ય જ હોઈ શકે. પરંતુ ધર્મોમાં દ્રવ્યત્વ કે અન્યત્વ હોઈ ન શકે.

વ્યાવહારિક જગતમાં આપણે જોઈએ છીએ કે પદાર્થ (દ્રવ્ય)ની ઉત્પતિ પદાર્થમાંથી જ થઈ શકે, અને તે ઉપરાંત પદાર્થ સ્વયં પોતાનામાંથી ઉત્પન્ન થઈ શકતો નથી, એક પદાર્થ કારણભૂત હોય જેમાં અન્ય પદાર્થ કાર્ય તરીકે ઉત્પન્ન થઈ શકે.

તે જ પ્રમાણે જે વસ્તુ દ્રવ્ય નથી - અર્થાત્ દ્રવ્યથી અન્ય છે - અદ્રવ્ય છે તેનું કારણ પણ બીજું અદ્રવ્ય જ હોઈ શકે.

ઉદાહરણ તરીકે જો તમને કોઈ મનુષ્ય પ્રત્યે સાચો નિ:સ્વાર્થ પ્રેમ હોય તો તે પ્રેમ તે મનુષ્યમાં પણ એવો પ્રેમ ઉત્પન્ન કરી શકે છે. તેજ રીતે જો રીઢા ગુનેગાર પ્રત્યે પણ જો સહાનુભૂતિ એને અનુકંપા દર્શાવવામાં આવે તો તે ગુણો દ્વારા તેનામાં પણ સદ્ભાવના પેદા કરી શકાય છે.

સુવિચાર

- સાધનાની અનુમોદનાનો ઉત્સવ કરવો એ ભક્તોનું કામ છે, એ ઉત્સવમાં નિર્લેપ રહેવું એ સાધકનું કામ છે - **રાજહંસજી**
- તમારા માટે ગેરસમજ ફેલાય ત્યારે ખુલાસો કરવા માટે બોલવું જ જોઈએ એવો કોઈ નિયમ નથી, મૌન પણ શક્તિશાળી જવાબ બની શકે - **જીવનપાથેય**
- જો તમે નીતિ, ધર્મ, કર્મ સફળતાપૂર્વક નિભાવશે તો વિશ્વની કોઈ પણ શક્તિ, તમારો વાળ પણ વાંકો નહીં કરી શકે - **યુધિષ્ઠિર**
- સદ્ગુણ પ્રગટાવવા છે? તો સામેની વ્યક્તિમાં સદ્ગુણ જોતા શીખો અને દુર્ગુણને દફનાવવા છે? તો સ્વયંમાં દુર્ગુણને જોતા શીખો - **એસ. ભટ્ટાચાર્ય**
- જેનાં સિદ્ધાંતો બધાને ભારી લાગે છે, એવા માણસ વિશ્વને અલગારી લાગે છે, કેંક મેળવવા ધરીએ કેંક ઈશ્વરને, આ તો શ્રદ્ધા નહીં દુનિયાદારી લાગે છે - **આદિત્ય જામનગરી**
- તમારા મુખ ઉપરના દુ:ખને, વદન ઉપરની વેદનાને... જે કહ્યા વિના સમજી જાય, તેને તમારી આત્મીય વ્યક્તિ સમજજો - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : વરિયાળીને પાણી ભરેલા માટીના વાણસમાં પલાળી, સવારે તેમાં પ્રમાણમાં ખડી સાકર ઉમેરી પી જવાથી એક અઠવાડિયામાં બહેનોનો વધુ માસિકની તકલીફમાંથી રાહત મળે છે. (સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કાદુ મકરાણી બજારમાંથી નીકળ્યા. તેમને ભૂખ લાગી હતી. તાજા જામફળ વેચનારી બહેનને પૂછ્યું, 'શું ભાવ છે?' ફળવાળીએ કહ્યું, 'દોઢ રૂપિયે શેર' કાદુએ કહ્યું, 'એક શેર આપો'. જામફળ લીધા પછી કાદુ એ ફળવાળીને આઠ આના જ આપ્યા. પેલી બાઈ તાડૂકી, 'આઠ આના કેમ?' દોઢ રૂપિયો આપ.' કાદુ કહે, 'આનો વ્યાજબી ભાવ આઠ આના જ છે. ફળ હવે મારા કબજામાં છે, હું ગેરવ્યાજબી ભાવ નહીં આપું.' પેલી ફળવાળી વાઘરણે તો ગાળો શરૂ કરી. કાદુએ તરત લાલ આંખ કરી. 'તને ખબર છે, હું કોણ છું? મારું નામ કાદુ મકરાણી.'કાદુ મકરાણી નામ સાંભળતાં જ ફળવાળી સિયાવિના થઈ ગઈ. રડતા રડતા બોલી. 'મારા વીરા, મારા ભાઈલા, મારી ભૂલ થઈ ગઈ મને માફ કર, આ આઠઆના પણ પાછા લઈ લે, મેં તને ઓળખ્યો નહીં મારા વીરાં.' કાદુ કહે, 'જો તે મને ભાઈ કહ્યો એટલે મારી જવાબદારી બને છે, હાથનું સોનાનું કડું કાઢી ફળવાળીના હાથમાં મૂકતાં કહ્યું, 'આ ભાઈની બહેનને ભેટ. હવે બેન તું કોઈની પાસે ગેરવ્યાજબી ભાવ લઈશ નહીં. અજાણ્યા કે ભોળાને લૂંટવાની વૃત્તિ રાખીશ નહીં.' કાદુ મકરાણી ચાલતો થયો. ફળવાળી જોતી રહી ગઈ. કેવા માણસ, કઠોર પણ કેવો, કોમળ પણ કેવો. બહારવટિયામાં પણ ભારતીય સંસ્કૃતિનો કેવો રંગ.

શૈક્ષણિક કાર્યનો પ્રારંભ શુભસંકેત

તંત્રીસ્થાનેથી...

ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર ધોરણ-૧૦ અને ૧૨ ઉપરાંત કૉલેજનાં અંતિમ વર્ષીય છાત્રોએ શાળા કૉલેજમાં આવી છેલ્લા નવ-દસ મહિનાથી બંધ રહેલા પ્રત્યક્ષ શિક્ષણકાર્યમાં સ્વૈચ્છિક સહમતી પુરાવી છે. સરકાર માટે અને સમાજ માટે આ ઘણી સંતોષકારક બાબત છે. ઓનલાઈન શિક્ષણવ્યવસ્થાનો વિકલ્પ ઉપલબ્ધ હોવા છતાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ સામૂહિક શિક્ષણમાં જે ભણવાની મજા આવે તેની વાત જ કંઈ ઓર છે, એ મુદ્દો વાલીઓ અને વિદ્યાર્થીઓને બરાબર સમજાઈ ગયો છે. અમદાવાદની કેટલીક શાળાઓમાં તો સિત્તેર ટકા જેટલી હાજરી નોંધાઈ છે. અલબત્ત, ઘણી બધી ખાનગી શાળાઓ હજી ખલી શકી નથી જેમાં એમની અંગત મર્યાદાઓ જવાબાદર છે. ઘણી શાળા કૉલેજમાં ઓનલાઈન પરીક્ષા કાર્ય ચાલતું હોઈ તે હવે ઉત્તરાયણ પછી સોળમી તારીખે અથવા સોમવારે શરૂ થવાની સંભાવના છે. વિદ્યાર્થીઓ વગરનાં શાળા-કૉલેજોનાં બિલ્ડિંગ પ્રાણ વગરના શરીર જેવાં લાગતાં હતા જે વિદ્યાર્થીઓના પગરવ અને કલરવથી એકાએક દસ મહિનના પછી ગુંજી ઊઠ્યાં છે. શિક્ષણમંત્રી પોતે કલોલથી વખારિયા હાઈસ્કૂલમાં જઈ, માસ્ક અને સેનિટાઈઝર આપી વિદ્યાર્થીઓને આવકારી આવ્યા અને અન્ય મંત્રીઓ પણ એમણે ફાળવેલ જિલ્લાઓમાં શિક્ષણકાર્યનો પ્રારંભ કરાવી આવ્યા તે સાવ જ ઠપ્પ થઈ ગયેલી શિક્ષણની ગાડીને પાટે ચડાવવા જેવું માંગલિક કાર્ય બની રહ્યું છે. સરકાર અને શાળા સંચાલકો એ વિદ્યાર્થીઓને વાલીના સંમતિપત્રક સાથે જ શાળા પ્રવેશની મંજૂરી આપી હતી. તેથી ઘણા વાલીઓ મૂંઝાયેલા હતા. છતાં પ્રમાણમાં સારી એવી સંખ્યામાં વિદ્યાર્થીઓ શાળાએ આવ્યા તે સૂચક બાબત છે. આખરે સદાકાળ ભયભીત થઈને ઘરે બેસી રહેવું તો વિદ્યાર્થીઓને પણ ન જ ફાવે. વળી ઓનલાઈન અને પ્રત્યક્ષ શિક્ષણકાર્ય વચ્ચે આભજમીનનું અંતર છે. શિક્ષકને પણ પોતાના સાંનિધ્યમાં જ વિદ્યાર્થીઓ હોય તો ભણાવવાનું વધારે ગમે. વિદ્યાર્થીને શિક્ષકનો નવરો ગરવો અવાજ અને બ્લેક બોર્ડ કાર્ય નજર સામે થતું જોઈ વધારે સમજણ પડે. બોર્ડની પરીક્ષાઓ લીધા વગર માસ પ્રમોશન આપી શકાય જ નહીં, એટલે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના અંતે આવેલી બોર્ડની પરીક્ષાઓ તથા કૉલેજનાં અંતિમ વર્ષોની પરીક્ષાઓ લેવાનો સરકારનો નિર્ણય વિદ્યાર્થી આલમ સહિત વાલીઓને પણ વાજબી લાગ્યો છે. બહુ જ ઉત્સાહપૂર્વક શરૂ થયેલ નવા શિક્ષણકાર્યમાં કોરોના પ્રોટોકોલનું પૂર્ણપણે પાલન કરવાનો આગ્રહ રખાયો છે. એ તમામ બાબતોનું ધ્યાન દોરતા નોટિસ બોર્ડો ઉપરાંત પ્રત્યક્ષ મૌખિક સૂચનાઓ અપાઈ છે, જેનું ચુસ્ત પણે પાલન કરવું અને કરાવવું તે શાળા-કૉલેજો સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની સહિયારી જવાબદારી બની રહેશે. અત્યારે શરૂ કરાયેલ આંશિક શિક્ષણ કાર્યનું સર્વેક્ષણ થતું રહેશે અને એ મુજબ બાકીના વિદ્યાર્થીઓને પણ શાળાએ બોલાવી રાબેતા મુજબનું પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરી શકાશે. શિક્ષણમંત્રીએ કહ્યું છે તે સાચું છે કે અન્ય તમામ ક્ષેત્રોમાં પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ હતી પરંતુ શિક્ષણક્ષેત્રને ધબકતું કરવા માટે ઘણી રાહ જોવી પડી છે. હવે જયારે કોરોના સંક્રમણનાં વળતાં પાણી જેવી પરિસ્થિતિ સરજાઈ છે ત્યારે શાળા કૉલેજોમાં આંશિક શિક્ષણકાર્યનો મંગળ પ્રારંભ પણ શાળા પ્રવેશોત્સવ જેવો જ માહોલ ઊભો કરે છે. 'કમૂરતાં' જેવું કશું હોઈ શકે જ નહીં એની પ્રતીતિ પણ પરંપરાગત મુહુર્ત પદ્ધતિમાં શ્રદ્ધા ધરાવતી સરકારે મકરસંક્રાતિ પૂર્વે શાળા કૉલેજો ચાલુ કરાવીને કરાવી છે.

... તેમણે ઢીલ આપવા માંડી અને મોટો પતંગ ઉંચેને ઉંચે જવા લાગ્યો



એક પછી એક આનંદવિભોર કરે તેવા બનાવો બની રહ્યા હતા. કમોસમી વરસાદ અને વાદળછાયા વાતાવરણ વચ્ચે આશાના એક કિરણ સમાન કોરોનાની વેકસિનને મંજૂરીના સમાચાર મળી રહ્યા હતા તે સાથે છેલ્લા આઠ દસ મહિનાથી ઓનલાઈન ભણવાથી અને ઘરમાં જ રહેવાથી કંટાળેલા મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે શાળાઓ ખુલવાના ખબર મોંમાં મમરાના લાડુ અને ચીકીનો સ્વાદ જેવા મીઠા લાગી રહ્યા હતા. કારણ કે શાળાઓ ખુલતાં મિત્રો સાથે પ્રત્યક્ષ હળવા મળવા અને મરવાની વાતે કવિશા અને કુંજ સહિત સૌ મિત્રો ખુશખુશાલ થઈ ગયા હતા. વળી બે દિવસ પછી ઉત્તરાયણનો તહેવાર ખુશીઓમાં અવનવા પતંગોના રંગોની જેમ તેમના હૈયાને રંગવા માટે જ જાણે આવી રહ્યો હતો.

મમ્મી - પપ્પા તરફથી ચેતવણીરુપે ભલે સરકારની ગાઈડલાઈન મુજબ વર્તવાનું કહ્યું હોય પણ એકબીજા સામસામે મળીને જે હરખ થાય તેની તો વાત જ અલગ હોયને!

ફ્લેટો હોય કે ટેનામેન્ટ તેના ધાબા પર અત્યારથી મકરસંક્રાતિની ઉજવણીનો માહોલ જામવા લાગ્યો હતો.

જાત જાતના રંગબેરંગી પતંગો ઉડતી હતી. વચ્ચે વચ્ચે કાગડા, કબૂતર, ચકલીઓ, સમડીઓ જેવા પંખીઓ પણ ઉડાઉડ કરતાં હતા.

જયારે કોઈ એકની પતંગ કપાય તો ચારેબાજુથી ચીચીયારીઓ સાથે કાપ્યો છે... કાપ્યો છે... ની બૂમાબૂમ પછી સંભળાતી હતી.પતંગો વચ્ચે રંગો અને અવનવી ડિઝાઈનોની હોડ મચી હોય તેમ લાગતું હતું. ત્યાં કવિશાએ આકાશમાં મોટો ઢાલ પતંગ ઉડતો જોયો, તેણે જોયું કે આખું આકાશ સર કરી લીધું હોય તેમ બધા ફટાફટ પતંગો કાપી રહ્યો હતો. સુંદર રૂપાળી રંગબેરંગી પતંગો પાણીમાં તરતા ઝાડના પાનની જેમ સરકતી નીચેની તરફ જઈ રહી હતી. મોટા સફેદ પતંગે હાહાકાર મચાવી દીધો હતો.

આકાશ સ્વચ્છ જોતાં પંખીઓ હવે કંઈક વધુ પ્રમાણમાં ઉડાઉડ કરતાં નજરે ચડવા લાગ્યા. ત્યારે એમ લાગતું હતું કે કે તેઓ મોટા પતંગની વિનવણી કરી રહ્યાં ન હોય કે ભાઈ આટલું બધું ધમંડ સારું નહીં પણ સફેદ પતંગ કયાં કોઈનું માને તેમ હતો.

હવે બન્યું એવું કે એકદમ હવાનું જોર વધ્યું. મોટા પતંગને જે છોકરાઓ ચગાવતા હતા તેમને તો મજા પડી ગઈ. તેમણે ઢીલ આપવા માંડી અને મોટો પતંગ ઉંચેને ઉંચે જવા લાગ્યો.

સારા પવનને લીધે બીજા પતંગ રસીયા પણ ધાબે આવી ગયા હતા. બધા પોતપોતાની પતંગો ચગાવવાની કોશિશ કરવા લાગ્યા.

ઉંચે ચડેલો પતંગ હવે કોઈના પતંગ કાપે તો કંઈ રીતે કાપે... પવનનું જોર એટલું હતું કે પતંગની ખેંચ વધી રહી હતી.

આ દરમિયાન એવું બન્યું કે એક સમડીએ તે પતંગની દોરીને જોઈ. તેની ચાંચ ખુલ્લી રાખીને ઉડી અને પતંગના દોરને કાપી નાંખ્યો. હારેલા ખેલાડીની જેમ લથડતો લથડતો મોટો સફેદ ઢાલ જેવો પતંગ નીચેની તરફ ગબડવા લાગ્યો. તે જોઈ ધાબા પર રહેલા પતંગરસીયા યુવકયુવતીઓએ ચીચીયારીઓ પાડી.

કવિશા એ કુંજને કહ્યું જોયું ને ભઈલા કેવો લથડી રહ્યો છે.પતંગ પકડનારા છોકરાના કાંટાળા જાળામાં ફસાઈ છેવટે ફાટી ગયો. ત્યારે બીજી પતંગો મોજથી ઊડતી હતી.

કદાચ એ મોટો સફેદ પતંગ વિચારતો હશે કે બધાંની સાથે હળીમળીને રહ્યા હોત તો કેવું સારું થાત. ત્યારે કુંજે કહ્યું બહેનો અભિમાનીઓનો અંત તો આવો જ હોય.'

માનવીય સંબંધોમાં શું લોહીનાં સંબંધો જ સર્વોપરી હોય છે?



amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

(વિચાર બીજ અને પ્રસંગ સૌજન્ય : શ્રી ગોરધન પટેલ 'કવિ' માંડવી, કચ્છ)

ગરવી ગુજરાતનાં કળાયેલ મોર કહેવાય એવા લોકગાયક સ્વ. હેમુ ગઢવી (૧૯૨૯-૧૯૬૫) એકવાર ભાવનગર બાજુ એક કાર્યક્રમ આપીને રાજકોટ તરફ પરત જતાં હતા. રસ્તામાં ઢસા ગામ આવ્યું. ડ્રાઈવરને તેમણે ઢસાની બાજુના કોઈ એક ગામ તરફ ગાડી વાળવા કહ્યું. તેમની સાથે રહેલા એક પત્રકારે મિત્રએ પુછ્યું કે એ ગામમાં શું છે? હેમુભાઈ કહે એ ગામમાં મારી બેન રહે છે. ગામમાં પહોંચીને ઘર પૂછતા પૂછતા એક ઘર સુધી પહોંચ્યા ત્યારે પણ પત્રકાર મિત્રને નવાઈ લાગી કે બેનનું ઘર છે અને પૂછવું પડે છે. ઘેર પહોંચીને ડેલી ખખડાવી. એક બહેને ડેલી ખોલી. હેમુભાઈ અને મિત્ર ડેલીમાં દાખલ થયા. પેલી બહેને અજાણ બનીને કહ્યું " આવો ભાઈ પણ તમારી ઓળખાણ ના પડી." પત્રકાર મિત્રને ફરી પાછું આશ્ચર્ય થયું. હેમુભાઈ કહે કે "બેન આપણે પહેલીવાર જ મળીએ છીએ એટલે સ્વાભાવિક છે કે ઓળખાણ ના જ પડે. હું તમારો ભાઈ થાઉં અને તમારા દીકરાનો મામો. મારૂ નામ હેમુ ગઢવી"

નામ સાંભળીને પોતાને આંગણે હેમુભાઈને આવેલા જોઈને પેલી બેનના આનંદનો પાર ન રહ્યો. પણ સાથે સાથે એ બહેનને આશ્ચર્ય પણ થયું કારણ કે એ તો તેમણે માત્ર રેડિઓ ગાયક તરીકે ઓળખાતા હતા અને તેમને ક્યારેય મળ્યા પણ ન હતા. હેમુભાઈએ ખિસ્સામાંથી એક પોસ્ટકાર્ડ કાઢ્યું અને પેલી બેનને આપ્યું. એ પોસ્ટકાર્ડ પેલી બેનના દીકરાએ હેમુભાઈને આકાશવાણી, ભુજને સરનામે લખ્યું હતું. એ પોસ્ટકાર્ડમાં લખ્યું હતું કે રેડીઓ ઉપર તમારા ગીત આવે છે ત્યારે હું મારી માંને પૂછું છું કે આ ગીત કોણ ગાય છે તો મારી માં જવાબ આપે છે કે તારો હેમુમામો ગાય છે. હેમુમામાને માલૂમ થાય કે આ તરફ આવો તો મારે ઘેર આવશો. હેમુભાઈએ કહ્યું કે આ તરફથી નીકળ્યો હતો તો થયું ચાલો, બહેનને અને ભાણિયાને મળતો જાઉં. હેમુભાઈએ પેલા કાર્યક્રમમાં પોતાને મળેલો ગાયક કલાકાર તરીકેનો પુરસ્કાર પોતાના માનેલા ભાણિયા બાળકને આપી દીધો.

એક અજાણ્યા બાળકનાં એક પોસ્ટકાર્ડનાં આધારે હેમુભાઈએ એ બાળકની માં સાથે બહેનનો અને તેના બાળકની સાથે ભાણેજ તરીકેનો સંબંધ બાંધી લીધો અને ના કલ્પી ન શકાય એવો સંબંધોનો વ્યવહાર કર્યો.

ક્યારેક એકદમ અજાણી વ્યક્તિ સાથે એક નાની એવી ઘટના બને છે અને એ બંને વ્યક્તિમાંથી કોઈ એકને અથવા તો બંનેના હૃદયમાં એક ઝબકારો થઈ જતો હોય છે. એક નાના ઝબકરા થકી બંને વ્યક્તિના સંબંધોનું વિશ્વ ઝળહળા થઈ જતું હોય છે. કોઈપણ નવા સંબંધો કેળવવા માટે એક નાનું એવું બહાનું, એ નજીવું બહાનું પર્યાપ્ત હોય છે. કાદુ મકરાણી અને હેમુભાઈએ અજાણી વ્યક્તિઓ સાથે સંબંધો બાંધવાનું એ બહાનું શોધી કાઢ્યું પરિણામે કાદુને એક દીકરી અને હેમુભાઈને એક બહેન મળી ગઈ.

કચ્છ વિસ્તારના જૈન સમાજના અગ્રગણ્ય એવા એક શ્રેષ્ઠી. વર્ષો પહેલા એક મેડિકલ કેમ્પમાં સારવાર લેવા માટે આવેલી એક દલિત બાળકી સાથે પરિચય થયો. એ બાળકી એક ત્યક્તા માં ની દીકરી હતી અને પોતાની નાની સાથે રહેતી હતી કારણ કે ત્યક્તા માં એ બીજા લગ્ન કરી લીધા હતા. શ્રેષ્ઠીએ એ બાળકીને પોતાની દીકરી માની, તેને ભણાવી, ગણાવી ઉછેરી અને મોટી કરી. દીકરી રહેતી હતી તો પોતાના જન્મદાતા માં-બાપ સાથે જ પણ પેલા શ્રેષ્ઠી પણ પોતાની પિતા તરીકેની ફરજ અચૂક બજાવ્યે જતાં હતા. દીકરી યુવાન થઈ અને પરણાવવા લાયક બની. તેના માટે તેની જ જ્ઞાતિનો યોગ્ય મુરતિયો શોધ્યો, સગાઈ કરી અને લગ્ન માટેના ચોઘડિયા લેવાયા. પેલા શ્રેષ્ઠીએ એક બાપ તરીકે પોતે એ દીકરીની કંકોત્રી છપાવી અને નિમંત્રણો અપાયા.

દીકરી જે સમાજની હતી એ સમાજની રીતિનીતિ અને રૂઢિ પ્રમાણે જ લગ્ન થયા પણ એ લગ્નમાં કચ્છ વિસ્તારના કેટલાયે શ્રેષ્ઠીઓ, સમાજ સેવકો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને દીકરી- જમાઈને આશીર્વાદ આપ્યા. લગ્નમાં ઉપસ્થિત સર્વે મહેમાનો જ્યારે પેલા શ્રેષ્ઠીના બે મોઢે વખાણ કરતાં હતા ત્યારે લગ્ન વિધિ પૂરી થયા પછી એ શ્રેષ્ઠીએ જાહેરમાં કહ્યું કે મે કશું જ નવું નથી કર્યું. એક બાપ પોતાની દીકરીના લગ્નમાં જેટલું કરી શકે તેનાથી વિશેષ મેં કશું જ કર્યું નથી. મેં એક બાપ તરીકેની ફરજ જ બજાવી છે. એ શ્રેષ્ઠીની પત્નીએ પણ લોકોએ કહ્યું કે "તમે તો માનેલી દીકરીને સગી દીકરીની જેમ પરણાવી" તેમણે પ્રત્યુયર આપ્યો હતો કે "ના, દીકરીની જેમ નહીં, અમે તો દીકરીને જ પરણાવી છે."

કચ્છના એક અદના સમાજ સેવક એ શ્રેષ્ઠી એટલે શ્રી લીલાધર માણેક ગડા જેને કચ્છના લોકો 'અધા' તરીકે ઓળખે છે. જે ગામની બાળકીને દીકરી માની હતી એ ગામ નખત્રાણા તાલુકાનું દેવપર ગામ. આજે એ અધા, પેલી દીકરી, તેની માં સૌ હયાત છે અને આજે પણ અધના અને એ દીકરીના બાપ-દીકરી તરીકેના સંબંધો અકબંધ છે.

આપણાં લોહીના દરેક સંબંધનું એક નામ હોય છે. લોહીના સંબંધો થકી બાંધતા અન્ય સંબંધોના પણ નિશ્ચિત નામ હોય છે જે નામ આપણે ક્યારેય બદલી શકતા નથી કે એ સંબંધોને નવા નામ પણ આપી શકતા નથી. અજાણી વ્યક્તિ સાથે બંધાઈ જતાં લોહીના જેવા જ સંબંધોને કોઈ નામ હોતા નથી. એ સંબંધોને આપણે નામ આપી શકીએ છે અને જે નામ આપીએ એ નામથી સંબંધોને જીવનભર નિભાવી શકીએ છીએ.

કાદુ મકરાણી ઓગણીસમી સદીમાં થઈ ગયા, હીમુભાઈ ગઢવી વીસમી સદીમાં થઈ ગયા અને અધા એકવીસમી સદીમાં આજે પણ હયાત છે. સદીઓ અદલા હે, સમય બદલાય છે, સમયની સાથે ઘણુબધું બદલાય છે પણ સંબંધોના કેટલાક સમીકરણો સાશ્વત રહેતા હોય છે જે ક્યારેય બદલાતા નથી. એ સાશ્વત સમીકરણોમાંનું એક એટલે અજાણી વ્યક્તિ સાથે અચાનક બંધાઈ જતાં સંબંધોને વિકસાવવા અને જીવનભર નિભાવવા. સંબંધોના આ જ સાશ્વત સમીકરણની વાત કવિ શ્રી માધવ રામાનુજના એક ગીતની પંક્તિઓમાં ભાવવાહી રીતે પ્રસ્તુત થઈ છે;

સગપણ કેવા રે બંધાયા
નહીં સોય નહીં દોરો તોયે,
કઈ રીતે સંધાયા
સગપણ કેવા રે બંધાયા

૨૦૨૦ના વરસમાં વપરાતા થયેલા શબ્દોની વાતો...



૩૧ મી ડિસેમ્બરે ૨૦૨૦નું વરસ પૂરું થયું અને રાતના બાર વાગ્યાના ટકોરે ૨૦૨૧ નું વરસ શરુ થયું એ વાતને સાત દિવસ થઈ ગયા. આપણા વડીલો જેમ છપ્પનિયા દુકાળને યાદ કરતા રહે છે તેમ આગામી કેટલાયે વરસો સુધી આ વરસને યાદ કરવામાં આવશે. માત્ર આપણા દેશ માટે જ નહીં સમગ્ર વિશ્વ માટે આ વરસ ભારે આપદાઓ લઈને આવ્યું છે. વરસ તો હમણાં પૂરું થયું પણ આપણી આપદાઓનો અંત આવ્યો નથી. કોરોનાની મહામારીએ આપદાઓની સાથોસાથ કેટલી સોનેરી શીખો પણ આપી. તદઉપરાંત આપણી ભાષાને અનેક નવા શબ્દોની ભેટ આપી. કેટલાક શબ્દો આમ તો આપણે જાણતા હતા પણ ભાગ્યે જ ઉપયોગમાં લેતા હતા એને ઘેર ઘેર અને દરેકની જીભે રમતા કરી દીધા. આપણે એવા કેટલાક શબ્દોની વાત કરીશ.

ભારતના કેરાલા રાજ્યમાં કોરોનાએ પહેલો કેસ નોંધાવ્યો. સરકાર હજુ કોઈ પગલાં લે તે પહેલાં તો ધીરે ધીરે દેશના તમામ રાજ્યમાં એણે કેર મચાવવા માંડ્યો. ઘર ઘરમાં કોરોનાની દહેશત પ્રવેશી ગઈ. સરકારે આખા દેશમાં તારીખ પચ્ચીસમી માર્ચે ૧૪ દિવસનું લોકડાઉન જાહેર કર્યું. ટ્રેન, બસો, વિમાનો, કારખાના ઓફિસો , માર્કેટ, હોટલો બધું બંધ થઈ ગયું, એ તો ઠીક પણ દેવદેવીઓના મંદિરોના દરવાજા પણ વસાઈ ગયા. માણસ પોતાના જ ઘરમાં કેદ થઈ ગયો. બધાને એમ હતું આ ૧૪ દિવસ સુખેદુ:ખે વીતાવી દઈશું, પછી કોઈ તકલીફ રહેશે નહીં. અમારા એક મિત્ર શ્રી દેવાયતભાઈ ભમ્મરે તો "ચૌદ દિવસ પછી" એવી એક ગઝલ પણ લખી દીધી. પણ કુદરતને માનવ સમાજની આટલી ટૂંકી કેદ મંજુર ન હતી. તબક્કાવાર લોકડાઉનની તારીખો છેક ત્રીસમી મે સુધી ધકેલાતી ગઈ. એ પછી ધીમે ધીમે છૂટ આપવામાં આવી. પણ આ સમય દરમ્યાન જાણે લોકોને તંત્ર ઉપરથી ભરોસો ઊઠી ગયો હોય તેમ લાખો મજુરભાઈઓની વતન પરસ્તી રુપી હિજરત શરુ થઈ. રસ્તામાં લોકોએ ભૂખે મરવું પડ્યું. એક સાથે સોળ જેટલા મજુરો રેલના પાટા પર કપાઈ ગયા. ઘણા અકસ્માતો થયા. રેલવે સ્ટેશન ઉપર નિરાધાર લાશો જોવી પડી. એના દ્રશ્યોએ જોનારાંના કાળજાં કંપાવી દીધાં. આમ લોકડાઉન શબ્દ માણસે માણસે બોલાતો હતો, છાપાંઓમાં છપાતો હતો.અને ટીવી રેડિયો પર સંભળાયા કરતો હતો. આજે પણ લોકડાઉનની વાત કરતાં લોકોને એ ખુલ્લા કારાગારની યાદ આવી જાય છે. કદાચ ઈશ્વર પણ આ લોકડાઉન શબ્દથી ગભરાતો હોય તો નવાઈ નહીં.

લોકડાઉન વખતે સંક્રમણ શબ્દ બહુ રમતો થયેલો. આમ તો આ શબ્દ આક્રમણ શબ્દનો જોડિયો ભાઈ હોય તેવો છે. અને એનું આક્રમણ ગામોના ગામો ધ્વસ્ત કરી દે એવું શક્તિશાળી હોય છે. પણ સંક્રમણનો અર્થ જોવા જઈએ તો ચેપ લાગવો(ઈન્ફેક્શન) તેવો કરી શકાય. લોકડાઉન લાગુ કરીને સંક્રમણ ઘટાડી શકાય તેવો ભ્રમ પણ આ સંક્રમણ શબ્દે ભાંગી નાંખ્યો છે. સંક્રમણ લાવનારા કદાચ વિદેશી ભારતીયો હતા. સંક્રમણ ફેલાવનારા પાછા સુપર સ્પ્રેડર કહેવાવા માંડ્યા હતા. શાકભાજી વેચનારા આ શબ્દની ઝપટમાં આવી ગયા. આવા લોક્ને સમાજથી દૂર કરવા અઘરા હતા. એમને લોકડાઉન દરમ્યાન ખુબ વેઠવાનું થયું.

સોશ્યલ ડીસ્ટન્સ એટલે સામાજિક અંતર એવો સાદો અર્થ થાય પણ અહી આપણે જે અર્થ સમજીએ છીએ તે અર્થ લેવાનો નથી. અહી ખરેખર તો ભૌતિક અંતર જોવાનું છે. સામા માણસની છીંકના છાંટા આપણા સુધી ના પહોંચે એટલા અંતરને સોશ્યલ ડીસ્ટન્સ કહેવાય છે. ખરેખર તો અત્યાર સુધી આપણે માણસ માણસ વચ્ચેનું સામાજિક અંતર ઘટાડવાની વાતો કરતા હતા. અત્યારે એવું અંતર જાળવવાનું જરુરી થઈ ગયું છે. સરકારે આ માટે જાતજાતના હૂકમો કર્યા અને અત્યારે પણ હૂકમો કરવાનું ચાલુ છે. સ્મશાનમાં વીસ માણસે જ જવાનું લગ્નમાં પચાસ માણસથી વધારે લઈ જવાના નહીં. દિવાળીમાં રાતે દસ વાગ્યા પછી ફટાકડા ફોડવાના નહીં. એવા ઘણા હૂકમો બહાર પડ્યા. હવે ઉત્તરાયણ માટે હૂકમો થવાના છે. આમને આમ અમારી પુસ્તક પરબ ચાલુ થઈ શકતી નથી.

આજના સમયનો સૌથી જબરદસ્ત શબ્દ કોઈ હોય તો તે છે કોરેન્ટાઈન. જેને કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા હોય તેવા માણસને આ નિર્દયી સમાજથી અલગ પાડી દેવામાં આવે છે. જૂના જમાનામાં અણમાનીતી રાણીને એકદંડિયા મહેલમાં રાખવામાં આવતી હતી. તેમ કોરોનાગ્રસ્ત વ્યક્તિના ઘરને એકલું પાડી દેવાય છે. મ્યુનિસિપાલિટીવાળા તેના ઘરની બહાર કોરોના પોઝીટીવનું બોર્ડ લગાવી જાય છે. અરે ઘણા ઘરની આગળ તો વાંસડા લગાવી આડશ ખડી કરી દેવાય છે. અશ્પૃશ્યતાનો એક નવો અવતાર પ્રગટ થયો છે. કોરોનાના જંતુઓ કરતાં તો આ અશ્પૃશ્યતા માણસને વધારે પીડ આપે છે. કુ. પ્રજ્ઞાબેન પટેલે "શબ્દ" મેગેઝીનમાં આવી એક વાર્તા લખી છે તે જરુર વાંચજો. આવા જ અર્થનો એક શબ્દ છે આઈસોલેશન. પોતે જ પોતાની જાતને આખા સમાજથી અળગી કરી દેવી તેને સેલ્ફ આઈસોલેશન કહેવાય છે. હજારો, લાખો લોકોએ આવાં સેલ્ફ આઈસોલેશન સ્વીકારવાં પડ્યાં એ સમયની બલિહારી છે.

કોરોનાની પરખ માટે સરકારી હોસ્પીટલો અને અનેક કેન્દ્રો પર કોરોનાના ટેસ્ટ કરવામાં આવતા હતા. એવા એક ટેસ્ટનું નામ હતું એંટીજન ટેસ્ટ.બીજો આવો જ એક શબ્દ હતો આરટીપીસીઆર, એનો અર્થ તો અત્યારેય મને સમજાતો નથી.

એક ઈંજેક્શનનું નામ હતું રિડેસ્મીયર. એના કાળાંબજાર થયાંની ફરીયાદો ઉઠી હતી. એમ તો કોરોના ટેસ્ટીંગના શરુઆતમાં પૂરા પિસ્તાળીશ સો રુપિયા ખંખેરી લેતાં હતા એ આપણે કયાં નથી જાણતા ? આ સમયે કોરોના ટેસ્ટીંગ, ઈંજેક્શનનું વેચાણ, હોટલોમાં બનાવાયેલી હોસ્પીટલો, સસ્તા વેંટિલેટરો, રોજે રોજ પ્રસિધ્ધ થતા કોરોનાગ્રસ્ત દર્દીઓના આંકડા એવા કેટલાય કૌભાંડોએ પણ પોતાની હસ્તી નોંધાવી છે. એ બધાં કૌભાડોની પણ એક કથા જરુરથી થઈ શકે. આપણા જાણીતા નવલકથાકાર કેશુભાઈ દેસાઈએ કોરોના કાંડ એવી એક આખી નવલકથા લખી છે તેમાં કેવાં કેવાં કાંડ સમાયાં છે તેની મને જાણ નથી કારણ કે હજુ એ નવલકથા મારા વાંચવામાં આવી નથી. નવલકથાની વાત નીકળી છે તો એ પણ જણાવી દઉં કે આપણા બીજા એવા જ જાણીતા નવલકથાકાર શ્રી મોહનભાઈ પરમારે કાળપાશ નવલકથા લખી છે. ગયા રવિવારના દિવ્ય ભાસ્કરમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ તેનું અવલોકન લખ્યું છે. તે મુજબ કોરોનાકાળમાં એક કુટુંબ કેવી ભીષણ રીતે ફસાય છે તેની કથા આલેખાઈ છે. આ બંને નવલકથાઓ વાંચવા હું આતુર છું. તે વંચાશે ત્યારે હું તેની વિગતોથી આપને જરુર પરિચિત કરાવીશ.

પોઝેટીવ અને નેગેટીવ શબ્દો તો આપણે પહેલેથી જ જાણતા હતા. પણ કોરોનાકાળમાં એના અર્થઘટન એકદમ પલટાઈ ગયા. અત્યાર સુધી આપણે બધાને પોઝીટીવ બનવાની સલાહ આપતા રહ્યા છીએ. પણ કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ ના આવે તે માટે ઈશ્વરને પ્રાર્થના કરવી પડે છે. અને નેગેટીવ આવે તો ખુશ થઈ જવાય છે. મતલબ કે કોરોનાએ પોઝીટીવને નેગેટીવ બનાવી દીધો અને નેગેટીવ ને પોઝીટીવ બનાવી દીધો, આ કંઈ જેવી તેવી ઉલટફેર ના કહેવાય.

અને આ આખાયે રોગચારાને વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોવિદ-૧૯ એવું નામાભિમાન કર્યું છે એ કેમ ભૂલાય ? કોવિદ-૨૦ નામ આપ્યું હોત તો એની સાચી ઓળખ ગણાત. ખેર, એ નામકરણ તો વિશ્વસંસ્થાના વૈજ્ઞાનિકોએ રોગના જંતુઓ, લક્ષણો, પ્રસારનો સમય બધું ધ્યાનમાં લઈને આપ્યું હશે એને આપણાથી પડકારી ના શકાય.

માસ્ક, સેનેટાઈઝર અને ઈમ્યુનીટી ત્રણે આપણા જાણીતા શબ્દો છે. પણ કોરોનાની મહામારીએ એને જબરા ફેલાવી દીધા. માસ્કના વેચાણનો એક નવો વ્યવસાય ઊભો થયો. માસ્ક નહીં પહેરનારાને રુ. એક હજારનો દંડ થવા માંડ્યો. દંડની રકમના સમાચાર રોજ આવવા માંડ્યા. સ્નેટાઈઝરનું વેચાણ જબરું વધ્યું. એવી જ રીતે ઈમ્યુનીટી વધારનારી દવાઓ અને ખાધ્ય પદાર્થોના વેચાણમાંયે ધરખમ વધારો થયો. અત્યારે શિયાળામાં લોકો અડદિયા પાક, મેથી પાક, ગુંદર પાક વગેરે બનાવીને ખાવા લાગ્યા છે.

આ બધા શબ્દો સમય જતાં ભૂલી જવાશે પણ અડધી રાતે અંધારાને ચીરતી એમ્બ્યુલન્સની ચિચિયારીઓને આ સમયમાં જીવનારા ક્યાંથી ભૂલી શકશે ?